# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 05-01-2025 Day: Sunday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી-જન મન યોજના:

કેન્દ્ર સરકારે આદિજાતિ સમુદાયની વસતી ધરાવતા વિસ્તારોમાં સમાન અધિકારો સુનિશ્ચિત કરતી પ્રધાનમંત્રી જનમન યોજનાને અમલમાં મૂકી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ યોજનાનો શુભારંભ કરાવતાં જણાવ્યું હતું કે તેમની સરકાર ગ્રામીણ વિસ્તારોના વિકાસ સાથે દેશના વિકાસને આગળ ધપાવી રહી છે.

ગઈકાલે દિલ્હીમાં ભારત મંડપમ ખાતે ગ્રામીણ ભારત મહોત્સવનો શુભારંભ કરાવતા તેમણે વધુમાં કહ્યું કે તેમની સરકાર ગ્રામીણ વિસ્તારોને વિકાસ અને તકના નવા કેન્દ્રો બનાવીને અધિકાર સંપન્ન ગ્રામીણ ભારતનું ધ્યેય હાંસલ કરી રહી છે.

આના ભાગરૂપે કેન્દ્ર સરકારે દરેક ગામમાં પાયાની સુવિધાઓ વિકસાવવાનો આરંભ કર્યો છે. આ પ્રસંગે પ્રધાનમંત્રીએ ગ્રામીણ ક્ષેત્રોના કલા કસબીઓ સાથે સંવાદ કર્યો હતો.

-----------------------------------------------------------------------------------

## અશ્વિની વૈષ્ણવ-સંરક્ષણ નિયમો:

કેન્દ્ર સરકારે જાહેર કરેલા ડિજીટલ વ્યક્તિગત સંરક્ષણ નિયમો 2025ના મુસદ્દામાં નાગરિકોની માહિતી અને તેમના અધિકારોનું રક્ષણ કરવાની જોગવાઇ છે.

કેન્દ્રીય માહિતી ટેક્નોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે આકાશવાણી સમાચાર સાથેની ખાસ મુલાકાતમાં જણાવ્યું હતું કે આ મુસદ્દામાં ત્રણ મુખ્ય જોગવાઇઓ છે. જેમાં નાગરિકની વ્યક્તિગત માહિતીનું રક્ષણ થાય, બાળકોને સંભવિત ડિજીટલ ખતરાથી રક્ષણ આપવું અને

નાગરિકો પોતાના અધિકારોનો સરળતાથી ઉપયોગ કરી શકે જેવી મહત્વની બાબતોનો સમાવેશ કરાયો છે.

શ્રી વૈષ્ણવે કહ્યું કે સુચિત નિયમો વ્યવહારુ અને સંતુલિત છે. ડિજીટલ વ્યક્તિગત માહિતી સંરક્ષણ ધારાના સરળતાથી અમલીકરણ માટે માહિતી ટેક્નોલોજી મંત્રાલયે ડિજીટલ વ્યક્તિગત સંરક્ષણ નિયમો 2025ની રચના કરી છે. સંબંધિતો સૂચિત ધારાના મુસદ્દા અંગે પોતાના પ્રતિભાવો રજૂ કરી શકે છે.

---------------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી-ખેલ મહાકુંભ:

અંતરિયાળ અને સ્થાનિક પ્રતિભાઓને મંચ પુરૂ પાડતા ખેલ મહાકુંભનાં ત્રીજા તબક્કાનો ગઈકાલથી આરંભ થયો છે. રાજકોટ ખાતેથી ખેલ મહાકુંભનો આરંભ કરાવતા મુખ્યમંત્રીએ કહ્યુ હતું કે ખેલ મહાકુંભે અનેક રમતવીરોને આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે પોતાની પ્રતિભા પ્રદર્શિત કરવાનો અવસર પ્રદાન કર્યો છે. તેમણે કહ્યું હતું કે, રમત ગમતને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકાર કટિબધ્ધ છે.

---------------------------------------------------------------------------------

## ભુજ-પ્રવાસન સચિવ બેઠક:

ભુજ સેવા સદન ખાતે રાજ્યના પ્રવાસન સચિવ રાજેન્દ્રકુમારના અધ્યક્ષસ્થાને કચ્છના વિવિધ પ્રવાસન સ્થળોએ સ્વચ્છતા કામગીરીની સમીક્ષા અંગે બેઠક યોજાઈ હતી. જિલ્લા કલેક્ટર અમિત અરોરા અને પ્રાંત અધિકારીઓએ સફાઈની કામગીરી અંગે પ્રવાસન સચિવને વાકેફ કરાવ્યા હતા. ધોરડો અને ધોળાવીરાને પ્લાસ્ટિક ફ્રી ઝોન જાહેર કર્યા બાદ પ્લાસ્ટિકનો કચરો ત્યાં રહે નહીં તે રીતે તેને એકઠો કરીને જીપીસીબી અને અન્ય ખાનગી કંપનીઓના સહયોગથી કોડીનાર મોકલવામાં આવી રહ્યો છે. વહીવટીતંત્રની આ પહેલને પ્રવાસન સચિવે બિરદાવી હતી. તેમણે જણાવ્યું કે પ્રવાસન સ્થળોને સ્વચ્છ રાખવા માટે ખાનગી કોન્ટ્રાક્ટ એજન્સીઓ, જિલ્લા વહીવટીતંત્રના વિભાગો, વિવિધ ખાનગી કંપનીઓએ સફાઈ બાબતે સુંદર

કામગીરી કરી છે. રોડ ટુ હેવન અને ધોરડો પ્લાસ્ટિક ફ્રી ઝોન જાહેર કર્યા બાદ હવે માંડવીના દરિયાકિનારા સહિતના વિસ્તારને પણ પ્લાસ્ટિક ફ્રી ઝોન જાહેર કરવા માટે ત્વરિત પગલા લેવામાં આવશે તેમ જિલ્લા કલેક્ટરએ જણાવ્યું હતું. માંડવી બીચ, માતાના મઢ, લખપત ફોર્ટ, નારાયણ સરોવર કોટેશ્વરમાં હાલમાં ચાલી રહેલી સફાઇ કામગીરીને વધુ આયોજનબધ્ધ કરીને આ પ્રવાસન સ્થળોને સ્વચ્છ બનાવાશે તેમ પ્રાંત અધિકારીઓએ જણાવ્યું હતું.

---------------------------------------------------------------------------

## નલિયા પ્રાંત કચેરી ખાતે બેઠક

નલિયાની પ્રાંત કચેરી ખાતે સંકલન બેઠક મળી હતી, જેમાં તાલુકાના વિજળી, સિંચાઇ, શિક્ષણ સહિતના પ્રશ્નો રજૂ થયા હતા. પ્રાંત અધિકારી કે.જે. વાઘેલાના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ બંધ ફીડર, પીએમ સૂર્યગ્રહનું અમલીકરણ કરવા, લાઈટ બંધ થવાના કિસ્સામાં ઝડપી નિરાકરણ કરવા, જખૌની કુમાર, કન્યા શાળા અને હાઈસ્કૂલના મકાન સહિતના પ્રશ્નો રજૂ કર્યા હતા. પાણી પુરવઠા વિભાગની ટેન્ડર પ્રક્રિયા, સિંચાઈ વિભાગને કેનાલ સંબંધી સાફ-સફાઈ કરવા, ખેડૂતોને સિંચાઇ માટે પૂરતા પાણી મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવા, ઇ-કેવાયસીની કામગીરી ઝડપી થાય અને અરજદારો પરેશાન ન થાય તેવી વ્યવસ્થા ગોઠવવા તાકીદ કરાઇ હતી.

---------------------------------------------------------------------------

## હવામાન:

શિયાળાની શરૂઆતથી જ રાજ્યમાં સર્વાધિક શીત મથક રહેતા નલિયામાં લઘુત્તમ પારો ગગળતા કાતિલ ઠંડીનો લોકોને સામનો કરવો પડ્યો હતો. ગઇકાલે નલિયામાં લઘુતમ ઉષ્ણતામાન 9 ડિગ્રી નોંધાયું હતું જ્યારે. મહત્તમ તાપમાન 27 ડિગ્રી રહ્યું હતું. કચ્છમાં ઠંડીમાં બીજા ક્રમે રહેલા ભુજમાં લઘુત્તમ 13.4 ડિગ્રી જ્યારે કંડલા એરપોર્ટ મથકે 15.5 ડિગ્રી નોંધાયું હતું. કંડલા બંદરે 16.2 ડિગ્રી સાથે ઠંડીની અસર ઓછી વર્તાઇ હતી. જિલ્લામાં  બે દિવસ બાદ રાત્રિનું તાપમાન બેથી ત્રણ ડિગ્રી ઘટવાની સાથે ફરી ઠંડીનું જોર વધશે તેમ હવામાન વિભાગ દ્વારા જણાવાયું હતું.

---------------------------------------------------------------------------

## ભુજ-ભાજપ કાર્યાલય :

ભુજમાં જિલ્લા ભાજપ કાર્યાલયમાં ગઇકાલે શનિવારે જિલ્લા ભાજપ પ્રમુખના દાવેદારોના ફોર્મ ભરવા અને સ્વીકારવાની પ્રક્રિયા થઈ હતી, જેમાં 11 કાર્યકરોએ દાવેદારી રજુ કરી હતી. ત્યારબાદ પૂર્વમંત્રી આઈ.કે. જાડેજા ઉપરાંત સ્થાનિક ધારાસભ્યની સંકલન બેઠક મળી હતી.

---------------------------------------------------------------------------